પ્રકરણ 1

# સગપણ સંબંધો (Kinship Relationship)


- પરિચય

અ. સગપણ સંબંધોનો અર્થ અને વ્યાખ્યા

બ. સગપણ સંબંધોનું સ્વરૂપ

ક. સગપણ સંબંધોનું મહત્ત્વ

ડ. સગપણ સંબંધો અંગેની પરિભાષાઓ


ગ્રંથાલય
શ્રીમતી કે. એસ. એન. કણસાગરા
મહિલા કોલેજ, રાજકોટ
તારીખ 18 19 પરિ. ૯૭૮૯૮

## પરિચય

સગપણ સંબંધોનો અભ્યાસ સામાજિક માનવશાસ્ત્ર કરે છે. પરંતુ સામાજિક સંબંધોના એક સ્વરૂપ તરીકે સમાજશાસ્ત્ર પણ સગપણ સંબંધોનો અભ્યાસ કરે છે. આ અંગેની માહિતી સમાજશાસ્ત્ર સામાજિક માનવશાસ્ત્ર પાસેથી મેળવે છે. આ દૃષ્ટિએ સગપણ સંબંધોના અભ્યાસ માટે સમાજશાસ્ત્ર સામાજિક માનવશાસ્ત્રનું ઋણી છે.

અંગ્રેજી શબ્દ "Kinship" માટે ગુજરાતીમાં 'સગપણ-સંબંધ', 'સગાઈ-સંબંધ', 'નાતેદારી' એમ વિભિન્ન શબ્દો ઉપયોગમાં લેવામાં આવે છે. આ સંબંધો સમાજજન્ય રીતે કલ્પિત કે માની લીધેલા લોહીના સંબંધો ઉપર રચાયેલા છે તેથી તેને રક્ત-સંબંધો પણ કહેવાય. આ અર્થમાં આ બધી પરિભાષાઓ એકબીજાના પર્યાય તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

કુટુંબીજનોને પરસ્પરના સગા તરીકે ઓળખવામાં આવે છે. માતા અને પિતા એમ બંનેના કુટુંબીજનોને પરસ્પરના સગા તરીકે ઓળખાવાય છે. આવા સગા વચ્ચેના પારસ્પરિક દરજ્જા-ભૂમિકા સંબંધો કે હક્કો-ફરજોના સંબંધો એટલે સગપણ-સંબંધો.

કુટુંબ, કુટુંબનું પ્રજોત્પાદનનું કાર્ય તથા લગ્ન સંસ્થા અને તેનાં સામાજિક ધોરણો સગપણ-સંબંધો સર્જે છે. દરેક સમાજમાં સગપણ-સંબંધો ઉપર રચાયેલા માનવ સંબંધોની વ્યવસ્થા જોવા મળે છે. તે દરેક સમાજની અતિ મહત્ત્વની **રચનાતંત્રીય ઉપવ્યવસ્થા** છે. તે કુટુંબો અને અન્ય પ્રકારનાં સગાઈજૂથો (Kin groups) જેવાં કે વંશ, ગોત્ર, જ્ઞાતિ વગેરેની બનેલી છે. આ સગપણ-સંબંધોની

વ્યવસ્થામાં અમુક પ્રકારની એકતા હોય છે અને તે સમાજની અન્ય રચનાતંત્રીય ઉપવ્યવસ્થાઓ સાથે સંકળાયેલી છે. સગપણ-સંબંધોની વ્યવસ્થા સાર્વત્રિક છે પરંતુ તેમાં વૈવિધ્ય રહેલું છે.

**સગપણ-સંબંધોનો સિદ્ધાંત** પારસ્પરિક હક્કો અને ફરજોનો સિદ્ધાંત છે અને તે એક યા બીજી રીતે કાલ્પનિક કે વાસ્તવિક રીતે લોહી ઉપર રચાયેલ છે. આથી જ આવા સગાઈ-સંબંધોને સગપણ સંબંધો કે રક્ત-સંબંધો તરીકે ઓળખવામાં આવે છે. આવા સંબંધો સાર્વત્રિક છે કારણ કે કુટુંબ અને લગ્ન સંસ્થા સાર્વત્રિક છે. કુટુંબના સભ્યો-પૂર્વજો અને વંશજો-પરસ્પરના સગપણ-સંબંધીઓ છે. સ્ત્રી-પુરુષના લગ્નથી બંનેના કુટુંબીજનો પરસ્પરના સગપણ-સંબંધીઓ બને છે. આ રીતે કુટુંબ, લગ્ન અને પ્રજોત્પાદન સાર્વત્રિક હોવાથી સગપણ-સંબંધો પણ સાર્વત્રિક છે. તેની સાથોસાથ તેમાં વૈવિધ્ય કે બહુવિધતા રહેલી છે. સગપણ-સંબંધ વિનાનો સમાજ જોવા મળતો નથી. **પ્રો. ઈશ્વરન્** જણાવે છે તેમ સગપણ-સંબંધોની અસર વિનાનું માનવ સંગઠન મળવું મુશ્કેલ છે, તેનો સંપૂર્ણ અભાવ ક્યાંય જોવા મળતો નથી.

માનવસમાજમાં સગપણ-સંબંધોની વ્યવસ્થાઓ જોવા મળે છે. તેનો અભ્યાસ તેના રચનાતંત્રીય પાસામાં થઈ શકે. ગોત્રજૂથ, જ્ઞાતિ, ગોત્રગણ, વંશ, સંયુક્ત અને વિભક્ત કુટુંબ, બહુસાથી અને એકસાથી કુટુંબ, પિતૃવંશી અને માતૃવંશી કુટુંબ વગેરે સગપણ-સંબંધોની વ્યવસ્થાના રચનાતંત્રીય ભાગો છે.

## અ. સગપણ-સંબંધનો અર્થ અને વ્યાખ્યા
## (Meaning and Definition of Kinship)

બધા જ સમાજોમાં લોકો વિવિધ પ્રકારના સંબંધો અને બંધનો (ties) થી બંધાયેલ છે. આ વિવિધ પ્રકારનાં બંધનો પૈકી સૌથી વધુ સાર્વત્રિક બંધન પ્રજોત્પાદન ઉપર રચાયેલ છે જેને સગપણ-સંબંધ (Kinship) કહેવામાં આવે છે.

**માનવશાસ્ત્રી લેમવેર** સગપણ-સંબંધોની વ્યાખ્યા આપતાં નોંધે છે કે તેમ, "સામાજિક આંતરક્રિયામાંથી સર્જાતી લગ્ન તથા લોહીના સંબંધો ઉપર રચાયેલી અને વ્યક્તિઓને પરસ્પર ગાઢ રીતે સાંકળતી સમાજમાન્ય સંબંધોની વ્યવસ્થા એટલે સગપણ-સંબંધોની વ્યવસ્થા."

**ચાર્લ્સ વિનિક** કહે છે તેમ, "સમાજમાન્ય કલ્પિત કે ધારી લીધેલા (supposed) લોહીના સંબંધો ઉપર રચાયેલા સંબંધો સગપણ-સંબંધોની વ્યવસ્થામાં સમાવિષ્ટ થાય છે."

**કિંગ્સલે ડેવિસ** પરસ્પરના જૈવિક જોડાણના સંબંધોની સામાજિક સ્વીકૃતિને

સગપણ-સંબંધો કહે છે. જૈવિક જોડાણમાં તે પતિ-પત્નીનાં શારીરિક જોડાણ તેમજ મા-બાપ અને સંતાનો વચ્ચે લોહીના જોડાણનો સમાવેશ કરે છે. આવા જૈવિક જોડાણના સંબંધોની સામાજિક સ્વીકૃતિને સગપણ-સંબંધો કહેવાય. કુટુંબ, ગોત્ર જેવાં જૂથોને સગપણ-સંબંધ જૂથી કહી શકાય. ડેવિસ વધુમાં સ્પષ્ટતા કરતાં નોંધે છે તે મુજબ કુટુંબ એ જૈવિક જૂથ છે, એટલે કે તેના સભ્યો પ્રજોત્પાદન દ્વારા પરસ્પર સંબંધિત છે. આ સંબંધો જ તેઓના હક્કો અને ફરજો નક્કી કરે છે. પરસ્પરના જૈવિક જોડાણને સમાન રુધિરપણું (Consanguinity) કહેવાય અને આવા પરસ્પરના જૈવિક જોડાણના સંબંધોની સામાજિક સ્વીકૃતિને સગપણ-સંબંધો કહેવાય. આ બાબતને વધુ સ્પષ્ટ કરતાં ડેવિસ લખે છે કે, ''કુટુંબ એ વ્યક્તિઓનું બનેલું એવું જૂથ છે કે જેના સભ્યો વચ્ચેના સંબંધો લોહીના પાયા ઉપર રચાયેલા છે અને આથી જ તેઓ એકબીજાનાં સગાં (Kins) છે.'' આમ, કુટુંબ સગપણ સંબંધીઓનું બનેલું જૂથ છે. આ ઉપરાંત સૈદ્ધાંતિક રીતે ગોત્ર (clan) પણ એક જ સમાન પૂર્વજના વંશજો (descent) તરીકે સગપણ-સંબંધીઓનું બનેલું જૂથ છે. આ પૂર્વજ કાલ્પનિક કે વાસ્તવિક હોઈ શકે. એટલે સગપણ-સંબંધોની વ્યવસ્થામાં કુટુંબ ઉપરાંત ગોત્રજૂથ, વંશ, જ્ઞાતિ જેવાં જૂથો પણ સગપણ-સંબંધ-જૂથો છે. જ્ઞાતિ કે પેટાજ્ઞાતિ ગોત્રજૂથોનું બનેલું જૂથ છે. કુટુંબમાં જૈવિક સંબંધ-રક્તસંબંધ નજીકનો હોય છે. કુટુંબ સિવાયનાં બીજાં સગપણ-સંબંધ-જૂથોમાં તેના સભ્યો વચ્ચેનો સગપણ-સંબંધ કુટુંબની તુલનામાં દૂરનો હોય છે.

## બ. સગપણ-સંબંધોનું સ્વરૂપ
## (Nature-Characteristics of Kinship)

સગપણ-સંબંધોના સ્વરૂપ-લક્ષણોનો સામાન્ય પરિચય તેના અર્થ અને વ્યાખ્યા પરથી આવી શકે. આમ છતાં, વધુ સ્પષ્ટતા ખાતર તેનો મુદ્દાસર પરિચય મેળવીએ.

**(1) સાર્વત્રિકતા :**

સગપણ-સંબંધો સાર્વત્રિક રીતે જોવા મળેછે. પ્રત્યેક સમાજમાં કોઈને કોઈ સ્વરૂપની સગપણ વ્યવસ્થાનું અસ્તિત્વ રહેલું છે. સગપણ-સંબંધોના સંપૂર્ણ અભાવવાળો સમાજ ક્યાંય જોવા મળતો નથી. કારણ કે સગપણ-સંબંધો કુટુંબ, લગ્ન અને પ્રજોત્પાદન ઉપર રચાયેલ છે અને આ ત્રણેય ઘટનાઓ સાર્વત્રિક હોવાથી સગપણ-સંબંધો સાર્વત્રિક છે.

**(2) વૈવિધ્ય-બહુવિધતા :**

સગપણ-સંબંધો સાર્વત્રિક છે. તેનો અર્થ એવો નથી કે બધા સમાજોમાં

એકસમાન સ્વરૂપની સગપણ-સંબંધોની વ્યવસ્થા છે. વાસ્તવમાં સમાજે-સમાજે તેમાં ભિન્નતા રહેલી છે. વૈવિધ્ય-બહુવિધતા એ સગપણ-સંબંધોની ખાસિયત છે. પશ્ચિમના સમાજો કરતાં ભારતની સગપણ-સંબંધોની વ્યવસ્થા ભિન્ન છે. ભારતમાં સગપણ-સંબંધોની વ્યવસ્થામાં પણ બહુવિધતા જોવા મળે છે. ભારતના વિભિન્ન પ્રદેશોમાં સગપણ-સંબંધોની વ્યવસ્થામાં વૈવિધ્ય રહેલું છે. ભારતના ઉત્તર, મધ્ય, દક્ષિણ અને પૂર્વ વિસ્તારોમાં સગપણ-સંબંધોની વ્યવસ્થાઓમાં તફાવતો જોવા મળે છે. જો કે, ભાષાકીય પ્રદેશોમાં સગપણ-સંબંધોના સંગઠનમાં અમુક સમાનતા જોવા મળે છે. નાયર અને નામ્બુદ્રી લોકોની સગપણ-સંબંધોની વ્યવસ્થા એકબીજાથી જુદી પડે છે તેમજ બંને સામાન્ય હિંદુ સગપણ-સંબંધોની વ્યવસ્થાથી પણ જુદી પડે છે. જુદા જુદા આદિવાસીઓની સગપણ-સંબંધોની વ્યવસ્થામાં પણ વૈવિધ્ય રહેલું છે. પિતૃવંશી અને માતૃવંશી કુટુંબ, બહુસાથી અને એકસાથી કુટુંબ એમ સગપણ-સંબંધોની વ્યવસ્થાના રચનાતંત્રીય ભાગોમાં ભિન્નતા રહેલી છે. એ જ રીતે સગપણ-સંબંધોની પરિભાષાઓમાં પણ ભિન્નતા જોવા મળે છે. આમ, સગપણ-સંબંધો સાર્વત્રિક હોવા છતાં તેમાં વૈવિધ્ય કે બહુવિધતા રહેલી છે.

**(3) સગપણ-સંબંધો સમાજમાન્ય સંબંધો છે :**

પતિ-પત્ની, મા-બાપ અને સંતાનો, ભાઈ-બહેન, સસરો-જમાઈ, સાસુ-જમાઈ, સસરો-પુત્રવધૂ, દિયર-ભોજાઈ, નણંદ-ભોજાઈ, મામા-ભાણેજ, વગેરે સગપણ-સંબંધીઓ વચ્ચેના સંબંધો સમાજમાન્ય છે. આવા સંબંધોને સમાજનાં સામાજિક ધોરણો દ્વારા સ્વીકૃતિ મળેલી હોય છે તેમજ તેઓ વચ્ચેના પરસ્પરના હક્કો અને ફરજો તથા વર્તન-વ્યવહાર નિયત થયેલા હોય છે.

**(4) સગપણ-સંબંધો અંગેનાં સામાજિક ધોરણો હોય છે :**

સગપણ-સંબંધો નક્કી કરતાં સામાજિક ધોરણો હોય છે. આ ધોરણો દ્વારા સગપણ-સંબંધીઓ વચ્ચેનાં પારસ્પરિક હક્કો અને ફરજો સ્થાપિત થાય છે. પરસ્પરનાં વર્તન પ્રણાલી, આપ-લેના સંબંધો, લગ્ન, મિલકત, હક્કો, મિલકતના વારસા અંગેના હક્કો, પારસ્પરિક મદદ અને અપેક્ષાઓ વગેરે આ ધોરણો દ્વારા નક્કી થાય છે.

**(5) સગપણ-સંબંધો કાલ્પનિક કે વાસ્તવિક રીતે લોહીના સંબંધો ઉપર રચાયેલા છે :**

જ્ઞાતિઓ અને ગોત્રજૂથના સભ્યો એમ માને છે કે પોતે એક જ વંશના છે. જ્ઞાતિ એ વિભિન્ન ગોત્રજૂથોનાં કુટુંબોનો સમૂહ છે અને માનવ કે દૈવી એવા કોઈ

એક પૌરાણિક પૂર્વજમાંથી ઊતરી આવ્યાનો ગોત્ર-જૂથોનો દાવો હોય છે. આ મહદ્અંશે લોહીનો કાલ્પનિક સંબંધ છે. જ્યારે પિતા-પુત્ર, ભાઈ-બહેન વગેરે વચ્ચે લોહીનો વાસ્તવિક સંબંધ છે. પૂર્વજો અને વંશજો વચ્ચે લોહીનો સંબંધ છે. આ કાલ્પનિક કે વાસ્તવિક લોહીનો સંબંધ સમાજસ્વીકૃત છે.

**(6) સગપણ-સંબંધો લગ્ન અને પ્રજોત્પાદન ઉપર આધારિત છે :**

સ્ત્રી-પુરુષના લગ્નથી બંને પતિ-પત્ની તરીકે સગપણ-સંબંધી બને છે. તેમના સંતાનોનાં તેઓ અનુક્રમે પિતા-માતા તરીકે સગપણ-સંબંધીઓ બને છે. સંતાનો પરસ્પર તેમના ભાઈ-ભાઈ તરીકે, ભાઈ-બહેન તરીકે, બહેન-બહેન તરીકે સગપણ-સંબંધી બને છે. લગ્નગ્રંથિથી જોડાયેલા અને જોડાતાં સ્ત્રી-પુરુષ બંનેના કુટુંબીજનો પણ પરસ્પર માટે સગપણ-સંબંધીઓ (વેવાઈ-વેવાઈ તરીકે) બને છે. પતિના મા-બાપ તેની પત્નીના સાસુ-સસરા, પતિના ભાઈઓ દિયર-જેઠ, પતિની બહેન નણંદ તરીકે સગપણ-સંબંધી બને છે. એ જ રીતે પત્નીના મા-બાપ તેના પતિના સાસુ-સસરા, પત્નીના ભાઈઓ સાળા, પત્નીની બહેનો સાળી તરીકે સગપણ-સંબંધી બને છે. આ બધા સંબંધો સમાજમાન્ય અને સમાજસ્વીકૃત હોય છે તેમજ તેમના પરસ્પરના હક્કો-ફરજો ધોરણો દ્વારા નક્કી થયેલાં હોય છે.

**(7) સગપણ-સંબંધોની વ્યવસ્થા રચનાતંત્રીય ઉપવ્યવસ્થા છે :**

દરેક સમાજમાં સગપણ-સંબંધો ઉપર રચાયેલા માનવ સંબંધોની વ્યવસ્થા જોવા મળે છે. તેમાં સગપણ-સંબંધો સમાજની અતિ મહત્ત્વની રચનાતંત્રીય ઉપવ્યવસ્થા છે. આમ, સગપણ-સંબંધો સમાજનું મહત્ત્વનું અંગ છે અને તેમાં અમુક પ્રકારની એકતા હોય છે. સગપણ-સંબંધોની રચનાતંત્રીય ઉપવ્યવસ્થા સમાજની અન્ય રચનાતંત્રીય ઉપવ્યવસ્થાઓ જેવી કે અર્થરચના, વ્યવસાય, ધર્મ, રાજકારણ વગેરે સાથે સંકળાયેલી છે, આથી તે બાકીની ઉપવ્યવસ્થાઓ ઉપર પોતાનો પ્રભાવ પાડે છે અને બાકીની ઉપવ્યવસ્થાઓ દ્વારા પોતે અસર પામે છે.

## ક. સગપણ-સંબંધોનું મહત્ત્વ (Significance of Kinship)

સગપણ-સંબંધો સાર્વત્રિક છે. પ્રત્યેક સાજમાં લગ્ન અને કુટુંબ સંસ્થાઓ છે. આ સંસ્થાઓનું સમાજજીવનમાં અત્યંત મહત્ત્વ છે. સગપણ-સંબંધો લગ્ન અને પ્રજોત્પાદન ઉપર આધારિત છે, એટલે પ્રજોત્પાદન, લગ્ન અને કુટુંબજીવન સમાજજીવનમાં જે રીતે મહત્ત્વનાં છે તે રીતે સગપણ-સંબંધો પણ મહત્ત્વના છે. સગપણ-સંબંધો સમાજ માન્ય છે અને તે લગ્ન, મિલકત, વારસો વગેરે અંગેના નિયમો પૂરા પાડે છે, તેમજ સગપણ-સંબંધીઓ વચ્ચેના પારસ્પરિક હક્કો અને

ફરજો નક્કી કરે છે, પારસ્પરિક વર્તન પ્રણાલી નક્કી કરે છે, પરસ્પર મદદ અને અપેક્ષાઓ ઊભી કરે છે. આ ઉપરાંત તે વ્યક્તિની સામાજિક ઓળખ શક્ય બનાવી વ્યક્તિને સામાજિક સલામતી પૂરી પાડે છે. આ રીતે સગપણ-સંબંધોનું સમાજજીવનમાં અનેકવિધ રીતે મહત્ત્વ રહેલું છે, જે નીચેની ચર્ચાથી સ્પષ્ટ થશે.

### (1) જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર નક્કી કરે છે :

સગપણ-સંબંધોની વ્યવસ્થામાં જીવનસાથીની પસંદગી અંગેનાં સામાજિક ધોરણો વિકસેલાં છે. આ ધોરણો જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર નક્કી કરે છે; તેમજ તે જાતીય સંબંધોનું ક્ષેત્ર નક્કી કરી જાતીય જીવનના સંતોષ માટેની તક તથા સલામતી પૂરી પાડે છે. અંતર્લગ્ન, બહિર્લગ્ન, અમુક સગપણ-સંબંધીઓમાંથી જીવનસાથીની પસંદગી થઈ શકે અને અમુક સગપણ-સંબંધીઓમાંથી જીવનસાથીની પસંદગી ન થઈ શકે તેવા પસંદગી વિષયક અને નિષેધાત્મક નિયમો પૂરા પાડે છે. અમુક સમાજમાં મામા-ફોઈનાં સંતાનો વચ્ચેના લગ્નને પ્રથમ પસંદગી અપાય છે. અમુક સમાજમાં કાકા-દાદાનાં સંતાનો વચ્ચે લગ્ન થઈ શકે; જ્ઞાતિવ્યવસ્થામાં જ્ઞાતિઅંતર્લગ્નના નિયમ મુજબ વ્યક્તિ પોતાની જ્ઞાતિમાંથી જ જીવનસાથીની પસંદગી કરી શકે તેવો નિયમ રહ્યો છે. સાથે સાથે પોતાની જ્ઞાતિમાંથી જ જીવનસાથીની પસંદગી કરતી વખતે જ્ઞાતિના ભાગરૂપ અમુક વર્તુળ જેવાં કે નિકટના સગા, સગોત્રીને બાકાત રાખીને જ જીવનસાથીની પસંદગી થઈ શકે. કેરળના નામ્બુદ્રી લોકોમાં સૌથી મોટો પુત્ર જ નામ્બુદ્રી સ્ત્રી સાથે લગ્ન કરી શકે, જ્યારે બાકીના પુત્રો નામ્બુદ્રી સ્ત્રી સિવાયની સ્ત્રી સાથે લગ્ન સંબંધ બાંધી શકે છે. દરેક સમાજમાં એક જ કુટુંબના સભ્યો વચ્ચે (પતિ-પત્ની સિવાય) જાતીય સંબંધોનો નિષેધ છે. પ્રથમ કોટિના અર્થાત્ નિકટના સમાન રુધિર સગપણ-સંબંધીઓ વચ્ચે જાતીય સંબંધ સાર્વત્રિક રીતે શરમજનક ગણાય છે.

### (2) મિલકત-હક્કો અને વારસાનો અધિકાર :

સગપણ-સંબંધોનાં સામાજિક ધોરણો મિલકતના હક્કો અને વારસાનો અધિકાર નક્કી કરે છે. પિતૃસત્તાક કુટુંબમાં પિતાની વડીલોપાર્જિત મિલકતમાં તેના સંતાનોના વારસા હક્કો નક્કી થાય છે. અપુત્ર પુરુષની મિલકત અમુક સગપણ-સંબંધીને વારસામાં મળે છે. હિંદુઓમાં એક સમયે પત્ની અને પુત્રી તરીકે સ્ત્રીને મિલકત અધિકાર ન હતો. વિધવા સ્ત્રીને મિલકતના વારસાનો અધિકાર ન હતો. વર્તમાન સમયમાં પિતાની અને પતિની મિલકતમાં હિસ્સો મેળવવાનો સ્ત્રીને અધિકાર છે. 'નામ્બુદ્રી' લોકોમાં સંયુક્ત કુટુંબની મિલકત અવિભાજ્ય ગણાય છે. કુટુંબની

સંતાનોના લગ્ન પ્રસંગે 'મામેરુ'ની પ્રથાનુસાર ભેટ આપવામાં આવે છે. મામાની ભાણેજ પ્રત્યે વિશિષ્ટ ફરજો રહેલી છે. મુશ્કેલીના સમયમાં ભાઈ, કાકા, મામા પાસે મદદની સવિશેષ અપેક્ષા રખાય છે. વિધવા, ત્યક્તા કે છૂટાછેડા લીધેલી સ્ત્રી તેનાં બાળકો નાનાં હોય તો તેના પિતા કે ભાઈનો આશ્રય મેળવે છે. આવા સંજોગોમાં મા-બાપ-ભાઈ તેને રક્ષણ અને સલામતી પૂરી પાડે છે. મરડોક લખે છે તેમ, દરેક સમાજમાં સગપણ-સંબંધીઓના પારસ્પરિક હક્કો અને ફરજો સ્થાપિત થયેલ હોય છે. સગાના જૂથમાંથી કઈ વ્યક્તિએ કયા સગાની મદદ લેવી, કયા સગાની સેવા લેવી તે અંગેની પારસ્પરિક અપેક્ષાઓ નક્કી થયેલ છે. લગ્ન, મૃત્યુ અમુક સામાજિક પ્રસંગોમાં અમુક સગાએ હાજરી આપવી, તેઓને આમંત્રણ આપવું, અમુક તહેવારોએ હળવું-મળવું, અભિનંદન પાઠવવા, હરખ કરવો, દિલાસો આપવો તે પારસ્પરિક ફરજ ગણાય છે. લોકો સગાઓને વિશિષ્ટ લોકો તરીકે ગણાવે છે. સંપર્ક, મિત્રાચારી, જરૂરિયાતમાં મદદ, વૃદ્ધ સગાને મદદ, વફાદારી, બાળકોની સંભાળ, બદલી, સ્થળાંતર, માંદગી, ધંધો, નોકરી વગેરેમાં સગાની મદદ લેવાય છે. આવી મદદની અપેક્ષાઓ જોવા મળે છે. આ રીતે જોતાં સગપણ-સંબંધો વ્યક્તિને આર્થિક અને સામાજિક સલામતી પૂરી પાડે છે અને સામાજિક જીવનમાં સ્થિરતા બક્ષે છે.

### (4) સામાજિક ઓળખ અને અર્પિત દરજ્જામાં નિર્ણાયક પરિબળ :

સગપણ-સંબંધો સામાજિક ઓળખ શક્ય બનાવે છે અને તે અર્પિત દરજ્જાનું નિર્ણાયક પરિબળ છે. વ્યક્તિને જન્મથી પુત્ર કે પુત્રી જેવો દરજ્જો મળે છે. જન્મથી જ વ્યક્તિનો અમુક સગપણ-સંબંધી તરીકેનો દરજ્જો નક્કી થઈ જાય છે. આથી સગપણ-સંબંધીઓ સાથેના દરજ્જા-ભૂમિકા જન્મથી નક્કી થાય છે. સગપણ-સંબંધોનું આ કાર્ય વ્યક્તિના દરજ્જાની ઓળખ શક્ય બનાવે છે. સગપણ-સંબંધોનો અર્પિત દરજ્જો સમાજમાં વ્યક્તિની તેના મા-બાપ અને અન્ય સગા તથા સમગ્ર સમાજ સાથેની તેની સામાજિક ઓળખ શક્ય બનાવે છે. વ્યક્તિ સમાજમાં પોતાનો પરિચય તેના સગપણ-સંબંધીઓ - પિતા, માતા, કાકા, દાદા, મામા, ફુઆ વગેરે દ્વારા કરાવી શકે છે. વ્યક્તિના જીવનસાથીની પસંદગી વખતે તેની સામાજિક પાર્શ્વભૂમિ તરીકે આ બધા સગા અંગેની જાણકારી મહત્ત્વની બની રહે છે.

### (5) પરિહાર અને પરિહાસ દ્વારા સંબંધોનું નિયમન :

અમુક સગપણ-સંબંધીઓ વચ્ચેના પરિહાર અને પરિહાસ સંબંધો દ્વારા સંબંધોનું નિયમન થાય છે. અમુક સગપણ-સંબંધીઓ વચ્ચેના પ્રત્યક્ષ સંપર્ક-એકાંતને

ટાળવામાં આવે, તેમની વચ્ચેના મોઢામોઢના સંપર્ક ઉપર મર્યાદા મૂકવામાં આવે ત્યારે તેવા સંબંધોને પરિહાર સંબંધો કહેવાય. અમુક સગપણ-સંબંધીઓ પરસ્પર અમુક મર્યાદામાં રહીને વર્તી શકે, એકબીજા વચ્ચેનો સંપર્ક મર્યાદિત હોય તેવા સંબંધોને પરિહાર સંબંધો કહેવાય. આવા સંબંધોમાં ભાઈ-બહેન સંબંધ, પુત્રવધૂ, સાસુ-સસરા, જેઠ સંબંધ, જમાઈ-સાસુ-સસરા સંબંધ, બનેવી-મોટી સાળી સંબંધમાં અમુક મર્યાદા મૂકવામાં આવી હોય છે. જાતીય નિકટતા અટકાવવા, સંઘર્ષ નિવારવા, કુટુંબની એકતા જાળવવા અને કુટુંબની સંસ્કૃતિને અકબંધ રાખવાના હેતુથી આ બધા સગપણ-સંબંધીઓ વચ્ચેના સંપર્ક, એકાંત, નિકટતા ટાળવા માટે નિયંત્રણો હોય છે. બીજી બાજુ, પરિહાસ સંબંધ પણ જોવા મળે છે. પરિહાસ સંબંધ એ બે સગપણ-સંબંધીઓ વચ્ચેનો એવો સંબંધ છે જેમાં એક સગપણ-સંબંધીને બીજા સગપણ-સંબંધીની મજાક-મશ્કરી કરવાની છૂટ હોય છે તે હસી-મજાકના સંબંધો છે. સાળી-બનેવી, દિયર-ભોજાઈ, મામી-ભાણેજ, વચ્ચેના મજાક-મશ્કરીના સંબંધો હોય છે. આવા સંબંધો સમાનતા અને પારસ્પરિક આદાનપ્રદાનના સૂચક છે. કેટલીક વખત તેમાં જાતીય સંબંધો ગર્ભિત હોવાનું માનવામાં આવે છે. જેમકે સાળીવટુ, દિયરવટુ તેનાં ઉદાહરણ છે. જ્યારે કેટલાક આદિવાસીઓમાં મામાના મૃત્યુ બાદ ભાણેજ મામાની મિલકત તથા મામીનો વારસદાર બને છે.

### (6) સુગ્રથનનું ક્રિયાતંત્ર :

સગપણ-સંબંધોની વ્યવસ્થામાં એક પ્રકારની સામાજિક એકતા રહેલી છે. સગાઓ વચ્ચે પારસ્પિરક મદદ સહકાર, પ્રસંગોમાં હાજરી, મુશ્કેલીમાં મદદ, પરિહાસ અને પરિહાર સંબંધો સગપણ-સંબંધીઓમાં સામાજિક એકતા ઊભી કરે છે. એ જ રીતે સગપણ-સંબંધોની વ્યવસ્થામાં સમાન રુધિર લગ્ન નિષેધ, અંતર્લગ્ન, બર્હિલગ્નના નિયમો એકતા અને સુગ્રથનના ક્રિયાતંત્ર તરીકે કાર્ય કરે છે. સમાજના સાતત્ય, સ્થિરતા અને સુગ્રથનમાં સગપણ-સંબંધો મહત્ત્વનો ભાગ ભજવે છે.

### (7) સગાવાદ (Nepotism) :

સગપણ-સંબંધોએ સગાવાદ પેદા કર્યો છે. સગા તરીકે પરસ્પરને જરૂરિયાતના પ્રસંગોએ, મુશ્કેલીના પ્રસંગોએ મદદ અંગેની અપેક્ષામાંથી સગાવાદ ઉદ્‌ભવ્યો છે. સગાવાદ એટલે સગા પ્રત્યે પક્ષપાત દાખવવો. વિશાળ હિત કરતાં સગાના હિતને પ્રાધાન્ય આપવું. તે એક પ્રકારનો ભાઈ-ભતીજાવાદ છે. તેમાં સ્વજન પ્રત્યે પક્ષપાત દાખવવામાં આવે છે. **શ્રીનિવાસે** નોંધ્યું છે કે ભારતમાં નોકરી અપાવવામાં સગપણ-સંબંધીઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. બદલી, લોન, મતદાન જેવા કિસ્સામાં

સગાવાદ ભાગ ભજવે છે. પશ્ચિમના સમાજમાં કહેવત છે કે, "Blood is thicker than water" આ કહેવત સ્વ-જન પક્ષપાતનો નિર્દેશ કરે છે.

સાર્વત્રિક અને વૈવિધ્યની ખાસિયત ધરાવતા સગપણ-સંબંધોનું સમાજજીવનમાં વ્યક્તિ તેમજ સમાજ માટે અત્યંત મહત્ત્વ રહેલું છે. તે સમાજને સ્થિરતા અને સુગ્રથન બક્ષે છે. મિલકત, લગ્ન, પારસ્પરિક હક્કો અને ફરજો નક્કી કરતાં ધોરણો આ કાર્ય કરે છે. સગપણ-સંબંધો જાતીય જીવન ઉપર નિયંત્રણ મૂકી જાતીય જીવનમાં સંતોષની મહત્તમ તક પૂરી પાડે છે. જાતીય જીવન ઉપર સગપણ-સંબંધો દ્વારા મુકાતું નિયંત્રણ સમાજને સાતત્ય, સ્થિરતા અને સુગ્રથન બક્ષે છે. પરિહાસ અને પરિહાર સંબંધો પણ આ કાર્ય કરે છે. સગપણ-સંબંધીઓ પરસ્પરને મદદ કરવાની અપેક્ષા સેવે છે. આધુનિક સમયમાં તો મુશ્કેલીમાં જ સગપણ-સંબંધોનું મહત્ત્વ સમજાય છે. વિકસિત અને જટિલ સમાજોમાં જે કાર્ય રાજ્ય અને સ્વૈચ્છિક સંસ્થાઓ કરે છે તે કાર્ય પ્રાથમિક અને અવિકસિત અને અમુક અંશે વિકસતા સમાજોમાં સગપણ-સંબંધો કરે છે. સગપણ-સંબંધીઓ આર્થિક અને સામાજિક સલામતી પૂરી પાડે છે, આર્થિક અને સામાજિક જરૂરીયાતો પૂરી પાડે છે, તેમજ રક્ષણ આપવાની જવાબદારી પણ સગપણ-સંબંધીઓ ઉપાડી લે છે. આમ, વ્યક્તિ અને સમાજ માટે સગપણ-સંબંધોનું મહત્ત્વ રહેલું છે. સાથોસાથ તેમાંથી ઉદ્‌ભવેલી સગાવાદની ઘટના આયોજિત વિકાસના માર્ગમાં અવરોધરૂપ પણ બને છે. અર્થકારણ અને રાજકારણમાં સગપણ-સંબંધો અગત્યની ભૂમિકા ભજવે છે.

## ડ. સગપણ-સંબંધોની પરિભાષાઓ
## (Kinship Terminology)

સગપણ-સંબંધીઓને સંબોધવા માટેના શબ્દોને સગપણ-સંબંધોની પરિભાષાઓ કહેવાય. સગપણ-સંબંધીઓને સંબોધવાની કેટલીક પરિભાષાઓ ઘણા સમાજોમાં સમાન છે. પરંતુ આ સમાન પરિભાષા કેટલાક સમાજોમાં કોઈ એક વિશિષ્ટ સગપણ-સંબંધી માટે વપરાતી હોય છે. જ્યારે કેટલાક સમાજમાં એક જ પરિભાષા એકથી વધુ સગપણ-સંબંધી માટે પ્રયોજાતી હોયછે. તેનાથી વિરુદ્ધ કેટલાક સમાજમાં જુદા જુદા સગપણ-સંબંધીઓ માટે જુદી જુદી પરિભાષાઓ જોવા મળે છે. મોર્ગન સગપણ-સંબંધોની પરિભાષાઓને લોહી અને જોડાણની વ્યવસ્થા (System of consanguity and affinity) કહે છે. તેમણે આ વ્યવસ્થાને રચનાતંત્રીય દૃષ્ટિએ પરસ્પર વિરોધાભાસી એવી બે પ્રકારની પરિભાષાઓમાં વર્ગીકૃત કરી છે જેને તેમણે

વર્ગસૂચક (Classificatory) અને **વિશિષ્ટ સંબંધ સૂચક** (Descriptive or Particularising) સગપણ-સંબંધ પરિભાષાઓ તરીકે ઓળખાવી છે. આવી પરિભાષાઓને સૂચક સંજ્ઞાઓ પણ કહી શકાય. મોર્ગનનું આ વર્ગીકરણ નીચે મુજબ છે.

(1) **વર્ગસૂચક સગપણ-સંબંધ પરિભાષાઓ :**

સગપણ-સંબંધીઓને સંબોધવા માટેની કેટલીક પરિભાષા એવી છે જે કોઈ ચોક્કસ એક સગા સાથેનો સંબંધ દર્શાવવાને બદલે એ પરિભાષા (શબ્દ) એકીસાથે એકથી વધુ સગા સાથેના સંબંધનો નિર્દેશ કરે છે. એટલે કે, આવી પરિભાષા અમુક વર્ગના સગપણ-સંબંધનો નિર્દેશ કરે છે. બીજી રીતે કહીએ તો વિભિન્ન સગપણ-સંબધીઓને સંબોધવા માટે એક જ શબ્દનો ઉપયોગ થાય છે ત્યારે તેવા શબ્દોને વર્ગસૂચક સગપણ-સંબંધ પરિભાષાઓ કહેવાય. આવી પરિભાષાઓથી આ સંબંધ અમુક સગપણ-સંબંધોની આસપાસનો છે તેવો ખ્યાલ આવે છે. આવા શબ્દો જોડાણના અને લોહીના સગપણ-સંબંધોનો ભેદ દર્શાવતા નથી. આમ, અચોક્કસ સંબંધનો નિર્દેશ કરતી પરિભાષાઓ અથવા એકીસાથે અમુક વર્ગના સગાનો નિર્દેશ કરતી પરિભાષાઓ વર્ગસૂચક સગપણ-સંબંધ પરિભાષઓ કહેવાય. જેમકે, આસમના સેમા નાગા લોકો પિતા, પિતાના ભાઈ, માતાની બહેનના પતિ - આ બધા સગાને સંબોધવા માટે 'અપુ' શબ્દ વાપરે છે. આ પરિભાષા વર્ગસૂચક છે. તેઓ 'અની' શબ્દ પિતાની બહેન, પત્નીની માતા, પતિની માતા, પતિના ભાઈની પત્ની એ બધા જ સગાને સંબોધવા માટે વાપરે છે. આમ, તેમાં 'અપુ', 'અની' અને 'અન્ગુ' વર્ગસૂચક પરિભાષાઓ છે. આવી જ રીતે ઘણા આદિવાસી સમાજો તેમજ વિકસિત સમાજોમાં વર્ગસૂચક પરિભાષાઓ જોવા મળે છે. આવી જ રીતે 'ભાઈ', 'બહેન', 'કાકા', 'મામા' શબ્દો પણ વર્ગસૂચક છે. કારણ કે આ શબ્દો કોઈ ચોક્કસ એક સગપણ-સંબંધનો નિર્દેશ કરતા નથી. પોતાનો સગો ભાઈ, સગી બહેન, સગા કાકા કે સગા મામા એ સ્પષ્ટ થતું નથી. કાકાનો દીકરો પણ ભાઈ કહેવાય છે, મામાનો દીકરો પણ ભાઈ કહેવાય છે, અને ફૈબાનો દીકરો પણ ભાઈ કહેવાય છે, અને તેથી પણ દૂરના ભાઈ હોઈ શકે છે. આવી જ રીતે બહેન, કાકા, મામા વગેરે માટે કહી શકાય. આથી આવા વર્ગસૂચક શબ્દોના ઉપયોગ વખતે સગપણ-સંબંધનું અંતર દર્શાવવા સગાને, 'નજીકના', 'દૂરના' જેવા શબ્દો આવી પરિભાષાની આગળ પ્રયોજવામાં આવે છે. જેમકે સગો ભાઈ, નજીકનો ભાઈ, દૂરનો ભાઈ વગેરે. યુરોપિયનોમાં પિતાના ભાઈ, પિતાની બહેનના પતિ, માતાના ભાઈ,

માતાની બહેનના પતિ માટે 'Uncle' શબ્દ વપરાય છે અને પિતાની બહેન, પિતાના ભાઈની પત્ની, માતાની બહેન માટે 'aunt' શબ્દ વપરાય છે. આ શબ્દો વર્ગસૂચક પરિભાષાઓ છે. આ રીતે જુદા જુદા સમાજોમાં એક જ પરિભાષા એકથી વધુ સગા માટે વપરાતી હોય છે. આવા શબ્દો જોડાણવાળા અને લોહીના સંબંધીઓ વચ્ચે ભેદ દર્શાવતા નથી. કેટલીક વખત પેઢીનો તફાવત પણ દર્શાવતા નથી.

**(2) વિશિષ્ટ સંબંધસૂચક સગપણ-સંબંધ પરિભાષાઓ :**

જે પરિભાષા કોઈ એક વિશિષ્ટ સગપણ-સંબંધીનો જ નિર્દેશ કરે છે તે પરિભાષા વિશિષ્ટ સંબંધ સૂચક પરિભાષા કહેવાય. બીજી રીતે કહીએ તો જુદા જુદા સગપણ-સંબંધ માટે જુદી જુદી પરિભાષા વપરાતી હોય, કોઈ એક સગા માટે કોઈ એક ચોક્કસ પરિભાષા વપરાતી હોય તેવી પરિભાષાઓ સંબંધસૂચક છે. દા.ત. આપણામાં પિતા, માતા, સાસુ, સસરા વગેરે શબ્દો કોઈ એક ચોક્કસ એક જ સગા સાથેનો સંબંધ દર્શાવે છે. પતિની માતાને પત્નીની સાસુ કહેવામાં આવે છે. પત્નીની માતાને પતિની સાસુ કહેવામાં આવેછે. પતિના પિતાને પત્નીના સસરા કહેવામાં આવે છે અને પત્નીના પિતાને પતિના સસરા કહેવામાં આવે છે. આમ, પિતા, માતા, સાસુ, સસરા વિશિષ્ટ સંબંધસૂચક છે. એ જ રીતે લોહીના સંબંધો વચ્ચેનો ભેદ દર્શાવે છે તે વિશિષ્ટ સંબંધસૂચક શબ્દો છે.

મોર્ગન એમ માને છે કે માનવ સમાજમાં પહેલા વર્ગસૂચક શબ્દો હતા. પછી માનવ સમાજ જેમ જેમ વિકાસ પામતો ગયો તેમ તેમ સંબંધ સૂચક શબ્દો વિકસતા ગયા. જો કે, મોર્ગનનો આ વિચાર સ્વીકાર્ય બન્યો નથી. પરંતુ આદિવાસીઓમાં જોવા મળતા વર્ગસૂચક શબ્દો કોઈ વિશિષ્ટતા તો જરૂર બતાવે છે. રિવર્સ કહે છે કે આવા વર્ગસૂચક શબ્દોમાં આદિવાસીઓનો ઈતિહાસ રહેલો છે. તેઓ નોંધે છે તેમ અદિવાસીઓમાં 'પિતા' શબ્દ એકથી વધુ સગા માટે વપરાય છે. તેનો અર્થ એ થયો કે જેઓ માટે 'પિતા' શબ્દ વપરાતો હોય તે એકથી વધુ સગા પિતાની ભૂમિકા ભજવતા હશે. એ જ રીતે 'માસી' માટે 'માતા' શબ્દ વપરાતો હોય તો એમ માની શકાય કે પત્નીના મૃત્યુ બાદ પુરુષ તેની સાળી સાથે લગ્ન કરતો હશે.

સગપણ-સંબંધીઓ માટે વપરાતી સંબંધસૂચક પરિભાષાઓ લિંગ, પેઢી તેમજ જોડાણ અને લોહીના સંબંધોનો ભેદ પાડે છે.

❖ ❖ ❖